આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **12-06-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## મંત્રી મંડળની બેઠક

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતી કાલે સવારે 10 વાગે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજવામાં આવી છે. તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી બાદ પ્રથમ વખત કેબિનેટની બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં કેન્દ્ર સરકારને અભિનંદન આપતો પ્રસ્તાવ પસાર કરવામાં આવશે.

બેઠકમાં રાજ્યમાં પ્રિ મોન્સુન કામગીરી સ્થિતિ સંદર્ભે સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત, બજેટની નવી જોગવાઈ અને યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરવામાં આવશે. તેમજ 27 જૂનથી શરૂ થનારા શાળા પ્રવેશ ઉત્સવ સંદર્ભે ચર્ચા અને રાજ્ય સરકારનાં નીતિગત વિષયો અને આગામી આયોજનોની સમીક્ષા કરવામાં આવશે.

**RNU** અમદાવાદ

---

## ખોરાક ઉત્પાદન-રિટર્ન ભરવાની મુદ્દત વધારે

રાજ્યના ખોરાકનાં ઉત્પાદન સાથે સંકળાયેલા ઉત્પાદકો, રિ-પેકર્સ કે જેઓ ફોર્મ- ડી-૧માં વાર્ષિક રિટર્ન તારીખ ૩૧ જુન સુધીમાં ભરવાનું રહેશે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના  કમિશનર ડૉ. એચ. જી કોશિયાએ જણાવ્યું છે કે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરીટી ઑફ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા વાર્ષિક રિટર્ન ભરવા માટેની મુદત ૩૦ જૂન સુધી લંબાવવામાં આવી છે. ૩૦ જૂન બાદ પણ રિટર્ન ભરવામાં વિલંબ થશે તો તમામ ખાધ પદાર્થ ઉત્પાદકોએ પ્રતિ દિવસ ૧૦૦  રૂપિયાનો દંડ ભરવાનો રહેશે., સમયસર વાર્ષિક રિટર્ન ભરી શકાય તે માટે ૩૦ જૂન સુધીમાં રિટર્ન ભરવા તાકિદ કરવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## અભયારણ્યો પ્રવેશ પ્રતિબંધ

ચોમાસામાં ભારે વરસાદના કારણે અચાનક પૂર અને ચક્રવાત જેવી પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ આ સમયગાળો અનેક પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, સરીસૃપ પ્રજાતિઓ માટે પ્રજનનકાળ હોઈ 15 જૂનથી 15 ઓક્ટોબર દરમિયાન.ગુજરાતના તમામ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે  પ્રવાસીઓનાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ અંતર્ગત કચ્છ જિલ્લામાં વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવેલા કચ્છ રણ વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ -૧૯૭૨ જોગવાઈ મુજબ પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

નાયબ વન સંરક્ષક , ભુજ દ્વારા પ્રસિધ્ધ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, આ હુકમનો ભંગ કરનારા વ્યક્તિ સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

**RNU અમદાવાદ/ પરેશ મારૂ**

-----------------------------------------------------------------------

## મધ્યાહન ભોજન સંચાલક ભરતી

નખત્રાણા તાલુકાની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજનામાં સંચાલકોની માનદવેતનથી હંગામી ધોરણે નિમણૂક કરવાની હોય કુલ ૦૮ કેન્દ્ર સંચાલકની જગ્યાઓ માટે અરજીઓ મગાવવામાં આવી છે.

કેન્દ્રો ઉપર સંચાલક તરીકે નિમણૂક મેળવવા રસ ધરાવતા સ્થાનિક રહેવાસી ધોરણ ૧૦ કે તેથી વધારે પાસ હોય તેવા અરજદારશ્રીઓએ નિયત ફોર્મમાં પ્રમાણિત સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ, આધારકાર્ડ, રાશનકાર્ડ, ચૂંટણીકાર્ડની ઝેરોક્ષ સાથે તારીખ ૨૧ જૂન,

૨૦૨૪ સુધીમાં ચાલુ દિવસોમાં મામલતદારશ્રી નખત્રાણાને અરજી કરવાની રહેશે.

માહિતી ખાતુ

-----------------------------------------------------------------------

## ભુજ ન.પા. કારોબારી સમિતિની બેઠક

ભુજ નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠક મળી હતી. કારોબારી ચેરમેન મહિદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં ભુજના કૃષ્ણાજી પુલને રૂા.૧ કરોડ ૮૦ લાખના ખર્ચે નવો પુલ બનાવવા ઠરાવ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત ચોમાસુ નજીક આવી રહ્યું છે ત્યારે શહેરમાં ચાલી રહેલા રોડ, રસ્તા અને ગટરના કામોને સત્વરે પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં ૧૪ મા નાણાપંચ ઉપરાંત વિવિધ ગ્રાંટમાંથી વિકાસકામો અંગે નિર્ણયો લેવાયા હતા. એકાઉન્ટ શાખા, ફાયર વિભાગ, એનયુએલએમ, પાણી પુરવઠા, સ્ટોરેજ, સેનિટેશન, રોડ-લાઈટ વગેરે વિભાગના કામો અંગે નિર્ણયો કરાયા હતા.

**N.P. / આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------------

## માંડવી બીચની સફાઇ

અદાણી ન્યૂ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા માંડવી ખાતે વિશ્વ પર્યાવરણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. 5થી 11 જૂન દરમિયાન માંડવી બીચને સ્વચ્છ અને દરિયાઇ કચરાથી મુક્ત કરવાની પહેલ કરવામાં આવી હતી. માંડવી મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી ચલાવાએલા આ અભિયાનનો હેતુ પર્યાવરણ અને સમુદ્ર સંરક્ષણની પ્રવૃત્તિઓને વેગ આપવાનો હતો.

**અદાણી મેલ**

---

## હીટવેવ-શાળાનો સમય સવારે

આવતીકાલથી કચ્છની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સત્રની શરૂઆત થશે. હાલે રાજ્ય સહિત કચ્છમાં ખુબ ગરમી રહેતી હોવાથી આ હીટવેવને ધ્યાને લઇ તમામ શાળાઓનો સમય સવારનું રહેશે તેવું જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું. શિક્ષણ વિભાગ દ્વારા જૂન મહિના દરમિયાન તમામ શાળાઓનો સમય સવારનો રહેશે. એવો આદેશ કરાયો છે.

**N.P. / આરતી ભટ્ટ**

---